# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2020**
April
૧ એપ્રિલ, ૨૦૨૦

**Monstrous Forces Have Swooped**
રાક્ષસી બળો તૂટી પડ્યાં છે

**The Divine Powers Must Come**
દિવ્ય શક્તિઓએ આવવું જોઈએ

## Monstrous Forces Have Swooped

… … …

**O** my sweet Master, I would live only in Thee but Thou hast told me that I must live *for* Thee, and in thus living for Thee our consciousness turns towards external fields and we seem to go far from Thee.

I know this is not altogether true; but there is a resistance still in the being which refuses to yield, there is a door which remains closed, a certain door of luminous intelligence which no effort has been able till now to open, and this terribly impoverishes Thy manifestation.

When wilt Thou decide that the hour has come for all this resistance to disappear?

Monstrous forces have swooped down upon the earth like hurricane, forces dark and violent and powerful and blind. Give us strength, O Lord, to illumine them. Thy splendour must break out everywhere in them and transfigure their action: their devastating passage must leave behind it a divine sowing. ...

… … …

- The Mother

**August 8, 1914**
**Prayers and Meditations**

## રાક્ષસી બળો  તૂટી પડ્યાં છે

... ... ...

હે મારા મધુર ગુરુ, હું તો કેવળ તારી અંદર જ રહેવાને ઇચ્છું છું, પરંતુ તેં મને જણાવ્યું છે કે મારે તારે અર્થે જીવવું જોઈએ, અને આ રીતે હું તારે અર્થે જીવવા લાગું છું, ત્યારે મારી ચેતના બાહ્ય પ્રદેશો પ્રત્યે વળતી થાય છે અને મને લાગે છે કે હું જાણે તારાથી દૂર દૂર જઈ રહી છું.

હું જાણું છું કે આ વસ્તુ જરા પણ બરાબર નથી; પરંતુ સ્વરૂપની અંદર હજી પણ એક વિરોધ આવી રહેલો છે અને તે નમતું આપવા માગતો નથી, એક બારણું વસાયેલું પડ્યું છે, એ તેજોમય બુદ્ધિનું બારણું છે અને હજી લગી કોઈ પણ પ્રયત્ન તેને ખોલી શકેલો નથી, અને આ વસ્તુ તારા આવિર્ભાવને ભયંકર રીતે દરિદ્ર કરી મૂકે છે.

તું એ ક્યારે નક્કી કરીશ કે આ બધાને ચાલ્યા જવાને માટે સમય આવી ગયો છે?

પૃથ્વી ઉપર રાક્ષસી બળો એક આંધીની માફક તૂટી પડ્યાં છે; એ બળો કાળાં કાળાં અને ઉગ્ર છે, જોરદાર છે અને અંધ છે. એમને પ્રકાશિત કરવાની, પ્રભુ, અમને શક્તિ આપ. એમની અંદર તારો પ્રકાશ સર્વત્ર ઝળહળી ઊઠવો જોઈએ અને તેમના કાર્યનું તેણે રૂપાંતર કરી દેવું જોઈએ: એ બધાં બધું ખેદાનમેદાન કરીને પસાર થઈ જાય તે પછી તેમણે પોતાની પાછળ એક દિવ્ય બીજ મૂકી જવું જોઈએ...

... ... ...

- શ્રી માતાજી

૮ ઑગસ્ટ ૧૯૧૪
પ્રાર્થનાઓ અને ધ્યાન

## The Divine Powers Must Come

Darkness has descended upon the earth, thick, violent, victorious... All is sadness, terror, destruction in the physical world, and the splendour of Thy light of love seems darkened by a veil of mourning. ...

O sweet Mother, I merge into Thee in an immense love and an intense supplication to the Lord of all things that HE may show us the way, that HE may trace out for us the path of His work, so that we may tread it boldly.

Time presses: the divine powers must come, O Lord, to the help of the agonised earth.

O Mother, sweet Mother, Thou dost clasp all Thy children close to Thy vast breast, and Thy love enfolds them all alike.

I have become the purifying fire of Thy love. O Lord, silent Unthinkable One, accept the holocaust of this brazier of love, that Thy reign may come, Thy light triumph over darkness and death.

Manifest Thy power. From day to day, from hour to hour we implore Thee: "O Lord, manifest Thy power!"

- The Mother

**September 4, 1914**
**Prayers and Meditations**

## દિવ્ય શક્તિઓએ આવવું જોઈએ

**પૃથ્વી** ઉપર અંધકાર ઊતર્યો છે, ઘનઘોર, હિંસ્ર, વિજયી... સર્વ સ્થળે અવસાદ, ભય, અને ભૌતિક જગતમાં વિનાશ વ્યાપી રહ્યો છે, અને તારા પ્રેમની જ્યોતિનો પ્રકાશ એક શોકના બુરખાથી શ્યામ પડી ગયો લાગે છે...

હે મધુર મા, હું તારામાં એક અમાપ પ્રેમ સાથે, સર્વ વસ્તુઓના પ્રભુ પ્રત્યે એક જોરદાર વિનંતી સાથે ઓગળી જાઉં છું કે જેથી એ અમને અમારો માર્ગ બતાવે, એ તેના કાર્યનો પથ દોરી આપે અને અમે હિંમતભેર એના ઉપર ચાલ્યાં જઈએ.

સમયનું દબાણ થઈ રહ્યું છે. હે પ્રભુ, આ વેદનાગ્રસ્ત પૃથ્વીને આસાયેશ અર્પવા માટે દિવ્ય શક્તિઓએ આવવું જોઈએ.

ઓ મા, મધુર મા, તું તારા બાળકોને તારા વિશાળ વક્ષ:સ્થળમાં સમાવી લે છે અને એ સૌને તારા એક સરખા પ્રેમથી આવરી લે છે.

હું તારા પ્રેમની પાવક જ્વાળા બની છું. હે પ્રભુ, હે મૂક અચિંત્ય પ્રભુ, પ્રેમની વેદીની આ આહુતિનો તું સ્વીકાર કર કે જેથી તારા રાજ્યનું આગમન થાય, તારો પ્રકાશ અંધકાર ઉપર અને મૃત્યુ ઉપર વિજયી બને.

તારી શક્તિનો આવિર્ભાવ કર. દરરોજ, કલાકે કલાકે અમે તને વિનંતી કરીએ છીએ: "હે પ્રભુ, તારી શક્તિનો આવિષ્કાર કર."

- શ્રી માતાજી

**૪ સપ્ટેમ્બર ૧૯૧૪**
**પ્રાર્થનાઓ અને ધ્યાન**


**From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • **April 2020**
**https://themothersprosperity.org**